# પ્રાંતિજ અને તાલુકામાં નવરાત્રી મહોત્સવની ઉમંગભેર ઉજવણી

## યંત્રયુગમાં પણ શેરીગરબાનું હજુ પણ મહત્વ યથાવત

પ્રાંતિજ, તા. ૨૩
સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં ઠેરઠેર શકિતની ઉપાસનાનું પર્વ નવરાત્રી મહોત્સવની ભારે ઉમંગભેર પ્રારંભ થઈ ગયો છે. ત્યારે યંત્રયુગમાં પણ મા ના ચોકમાં ગરબે ગુમવા માટે બાળકો સહિત યુવા હૈયા થનગનાટ મચાવી રહ્યાં હતાં અને ગરબાચોકને રોશનીથી શણગારવામાં આવ્યો છે. ત્યારે નવલી નવરાત્રીના બીજા દિવસે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં સહિત વિસ્તારોમાં ભાઈઓ તથા બહેનો પરંપરાગત રીતે મ્યુઝિકની તાલે નવરાત્રી ચોકમાં ગરબા ગુમતે નજરે પડ્યા હતાં અને શેરીઓમાં પણ લાંબી લાંબી કતારો જોવા મળી અને નવલી નવરાત્રીમાં ખૈલેયાઓ



ડીજે વચ્ચે શેરી ગરબાનું મહત્વ જોવા મલી રહ્યું છે .

પ્રાંતિજ તથા તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મા જગત જનની અંબેની નવ દિવસ માટે વિવિધ માઈ મંડળો દ્વારા દર વર્ષની જેમ સ્થાપના કરવામાં આવી છે અને ગરબારસિકો ગરબાની તાલે ગુમતા નજરે પડ્યા હતાં ત્યારે મહિલાઓ પણ માથે ગરબો મુકીને ઝુમતી નજરે પડી હતી તો માતૃછાયા સોસાયટી, રેલ્વે સ્ટેશન, દરબાર મહોલ્લો, શાંન્તીનાથ સોસાયટી, ગુજ્જરની પોળ, મોદી મહેલ્લો, દેસાઈની પોળ મન મુકીને ગરબે ઘુમતા નજરે પડયા હતાં અને હૈયે હૈયું દળાય તેવી ખૈલેયાઓની ભીડ જોવાં મળી હતી. ત્યારે રંગબેરંગી પોશાક તથા ટ્રેડીશનલ ડ્રેસની સાથે ગરબા ગુમતા ગરબા રસિકો શેરીઓ મહેલ્લાઓ સોસાયટીઓમાં નજરે પડ્યા હતા.



### કાના હો કાના... મારૂ મન મોર બની થનગાટ કરે...

આદ્યશક્તિ માં દુર્ગાના નવલા નોરતાના બીજા નોરતે વરસાદી આશંકા વચ્ચે યુવાધન ગરબા રમવા વિવિધ નવરાત્રીઓમાં ઉમટી પડ્યુ હતું. મોડાસાની રામપાર્ક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમીને માતાજીની આરાધના કરી હતી અને અવનવા ગરબા સાથે યુવાધન ગરબે રમવા હિલોળે ચડ્યુ હતું ત્યારે જેમ જેમ નવરાત્રીના દિવસો આગળ વધશે તેમ નોરતાનો રંગ જામશે.

# ભાજપના વરિષ્ઠ અગ્રણી જયંતિલાલ બારોટનું અવસાન

ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી, રાજ્યસભાના મહેસાણાના પૂર્વ સાંસદ અને મહેસાણા જિલ્લા ભાજપના પાયાના કાર્યકર જયંતિલાલ એસ. બારોટનું આજે વહેલી સવારે ટુંકી માંદગી બાદ અવસાન થયુ હતુ. તેઓ છેલ્લા કેટલાક સમયથી બિમાર છે.



મહેસાણા નજીક સેફ્રોની રીસોર્ટ ખાતેના તેમના નિવાસસ્થાનેથી આજે સવારે અંતિમયાત્રા નીકળી હતી. જે મહેસાણા થઈને તેમના માદરે વતન લીંચ ગામે ગઈ હતી. જ્યાં ભાજપ સહિત અન્ય રાજકીય પક્ષોના આગેવાનો, કાર્યકરો, બ્રહ્મભટ્ટ સમાજના અગ્રણીઓ, સામાજીક કાર્યકરો, સમાજના લોકોએ ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. સદ્‌ગતે પ્રદેશ ભાજપના હોદેદાર, સાંસદ તેમજ ખાદીગ્રામોદ્યોગ બોર્ડ, ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેનપદે સેવાઓ આપી હતી. જિલ્લાના વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યુ હતુ. સદ્‌ગતની સ્મશાનયાત્રામાં ભાજપના આગેવાનો, જિલ્લાના અગ્રણીઓ, સમાજના લોકો, અન્ય નાગરિકો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# પાલનપુરમાં ફાયરીંગ કેસમાં બે પોલીસકર્મી સસ્પેન્ડ

## રિવોલ્વર લાઇસન્સ બોગસ હોવાની ચર્ચાએ પકડ્યો વેગ

પાલનપુરમા હોટલના કબ્જાને લઈને થયેલી ગેંગવોરમાં સામ-સામે થયેલા ફાયરીંગ કેસમાં નવો ફણગો ફૂટ્યો છે. આ ચકચારી ફાયરિંગ કેસમાં પોલીસ બેડાંને પણ છાંટા ઊડ્યા છે. જેમાં કસૂરવાર મનાતા બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરાયા હોવાના અહેવાલ મળ્યા છે.

પાલનપુરના રેલ્વેસ્ટેશનરોડ પર આવેલી રહીમી હોટેલના કબ્જાને લઈને લઘુમતી સમુદાયના બે જૂથો વચ્ચે ગેંગવોર થઈ હતી. જેમાં ધોળે દહાડે સામ-સામે ફાયરીંગ થતા દહેશત ફેલાઈ ગઈ હતી. આ ચકચારી કેસમાં પૂર્વ પોલીસ મથકના ડી-સ્ટાફમાં ફરજ બજાવતા બે પોલીસકર્મી (૧) કૌશિક ચૌધરી-હેડ કોન્સ્ટેબલ અને (૨) શૌહરતખાન-કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઘટના સમયે ઝર્ષ્ડદૃ ફૂટેજમાં આ બે પોલીસકર્મી દેખાયા હતા. હોટેલમાં ગેંગવોર ટાણે પોલીસકર્મીઓની હાજરીને લઈને તેઓની કથિત સંડોવણી બહાર આવતા જિલ્લા પોલીસ વડા દ્વારા તેઓને સસ્પેન્ડ કરતા પોલીસ બેડાંમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પોલીસે આ કેસ માં કુલ ૧૨ આરોપીઓના નામ ખોલ્યા છે. પોલીસ તપાસમાં રિવોલ્વરનું ઓલ ઈન્ડિયા પરમીટનું લાયસન્સ




બોગસ હોવાની ચર્ચાએ પણ વેગ પકડ્યો છે. હથિયારોનું કનેકશન જમ્મુ કાશ્મીર સુધી લંબાયું હોવાની ચર્ચા વચ્ચે પોલીસ હથિયારોના કનેક્શન અંગેની તપાસ જમ્મુ કાશ્મીર પણ કરી રહી હોવાના ચોંકાવનારા અહેવાલ મળ્યા છે.

# માલપુર જાયન્ટ્સ ગ્રુપ દ્વારા સેવા સપ્તાહની ઉજવણી

અરવલ્લી, તા. ૨૩
અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં સતત સેવાકીય અને જરૂરિયાતમંદ લોકો ને મદદરૂપ થવામાં હંમેશા અગ્રેસર રહેતી માલપુર જાયન્ટ્સ ગ્રુપ દ્વારા સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સંસ્થાઓના સહયોગથી રકતદાન કેમ્પ, થેલેસીયા ચેકીંગ, વ્યસનમુકિત અભિયાન, વૃક્ષારોપણ, ટ્રાફિક નિયમન જાગૃતિ, સર્વરોગ નિદાન કેમ્પ અને વૃધ્ધોને લાકડીનો સહારો આપવામાં આવ્યો હતો.

માલપુર ખાતે યોજાયેલ સેવા સપ્તાહ ગ્રુપ જાયન્ટસ થ્રિસીના સલાહકાર નિલેશભાઈ જોશી અને થ્રિસીના ડાઈરેકટર સુરેન્દ્રસિંહ રાઠોડ અને નવનીત પરીખના માર્ગદર્શન હેઠળ માલપુર જાયન્ટ્સ પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ, હાલાજી




વણજારા, રમેશભાઈ સોની, અનિરુદ્ધસિંહ અને માલપુર જાયન્ટ્સ ગ્રુપના મેમ્બર્સ અને વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ દ્વારા લોક સેવાના સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. માલપુર ગામના લોકોએ સેવાનો લાભ લીધો હતો અને જાયન્ટ્સ ગ્રુપની સેવાકીય પ્રવૃતિઓની સરાહના કરી હતી.

# ખેડબ્રહ્મા શહેર વાસણા રોડ પર આવેલ ટાકીનું પાણી નજીક આવેલા વિસ્તારમાં ન પહોચતા પ્રજામાં રોષ

ખેડબ્રહ્મા, તા. ૨૩
ખેડબ્રહ્મા શહેરના હાર્દસમા વીસ્તારમા વાસણા રોડ ઉપર રામેશ્વર નગરમાં પાણી માટે પ્રજાને ૬ ફુટ ઉડા ખાડામા પાણી ભરવાનો વારો આવ્યો છે વારંવાર રજૂઆત કરવા છતા નગરોળઅને બહેરુત્રંત્ત કહે છે કે પાણી આટલુ જ આવશે.

જ્યારે અમુક લોકો ને પાણી વેરો ભરવા છતા ૧ ટીપુ પણ આવતુ નથી નગરપાલિકા ઘરવેરો માફ કરે. કેટલાક એવા લોકો રજુઆતો કરી કરી માંડ ત્રણથી ચાર વાર પાણી માટે ખાડો ખોદાવ્યો પણ કેટલાક રાજકીય પક્ષો દ્વારા પણ આ કામ બંધ કરાવી દીધા હતા. આ વિસ્તારના લોકો માટે ટુક સમયમા પાણીની વ્યવસ્થા નહી થાય તો ચુંટણીનો બહિષ્કાર કરવાની તક જતી નહીં કરે. રામેશ્વર નગરમાં પ્રાથમિક જરૂરિયાત પાણી ન મળે તો ગાંધી ચિંધ્યા માર્ગ પર જવાની ફરજ પડશે તેવુ સોસાયટીના રહીશો દ્વારા જણાવાયું હતું.

# મોટાકોટડા હાઈસ્કૂલનું ગૌરવ

શ્રી ડી.કે. વ્યાસ હાઈસ્કૂલ



- મોટાકોટડા હાઈસ્કૂલનો વિદ્યાર્થી ચાવડા સોહમ અશ્વિનકુમાર ગુજરાત સરકાર આયોજિત કવીઝની તાલુકાકક્ષાએ ઓનલાઈન યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયેલ છે. શાળાના આચાર્ય આર.બી. પટેલ, સ્ટાફમિત્રોએ તેમજ મંડળના મંત્રી કેશુભાઈ પી. પટેલે સોહન ચાવડાને અભિનંદન પાઠવ્યા હતા.



### ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલય,જન સેવા અંગ્રેજી, ગુજરાતી માધ્યમ સ્કુલ, એન.આર.એ. કન્યા વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. નવરાત્રીના પાવન પ્રસંગે એન.આર.એ. વિદ્યાલયમાં ભક્તિભાવ પુર્વક અંબે માંની આરતી ઉતારી પ્રસાદીની વહેંચણી કરી ડી.જે.ના તાલે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, કંચનબેન ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, બિનાબેન ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, ભુપેન્દ્રભાઈ પંડ્યા, શંભુભાઈ ત્રિવેદી, રામઅવતાર શર્મા, જયપ્રકાશભાઈ ભટ્ટ, બીનતાબેન ભટ્ટ સહિત શૈક્ષણિક સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. એન.આર.એ. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં સુસજ્જ થઈ આવ્યા હતા. ડી.જે.ના તાલે વિદ્યાર્થીઓ રાસ-ગરબાના કાર્યક્રમ દરમ્યાન ઝુમી ઉઠ્યા હતા. નવરાત્રી નિમિત્તે રાસ-ગરબાનો કાર્યક્રમ સફળ બનાવવા સ્ટાફ પરીવારએ જહેમત ઉઠાવી હતી. રાસ-ગરબાના કાર્યક્રમ નિમિત્તે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

# મોડાસા નગરપાલિકાની ડિજિટલાઈઝેશન ક્ષેત્ર તરફ હરણફાળ

## ઓનલાઈન ટેક્સ બિલ નગરજનો ભરી શકશે : સીટી લાઈવલી હુડ સેન્ટરનું ઉદ્‌ઘાટન

મોડાસા, તા. ૨૩
દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાને સાર્થક કરતુ અને મહિલા શસક્તિકરણને નગરજનો માહિતી મેળવી શકશે.

સીટી લાઈવલી હુડ સેન્ટર દ્વારા મોડાસા મહિલાઓ અને સખીમંડળોને સહાય આપી પગલું ભરવામાં આવ્યું હોવાનું અને ડે-એન.યુ.એલ.એમ લાભાર્થીઓને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું વનીતાબેન પટેલે પ્રેસ કોન્ફરન્સ બોલાવી માહિતી આપી હતી અને મોડાસા નગરપાલિકાની વેબસાઈટ અને






સાર્થક કરતુ પગલું મોડાસા નગરપાલિકા દ્વારા હાથ ધરી નગરપાલિકાને ડિજિટલાઈઝેશન કરવાની દિશામાં હરણફાળ પગલું ભરતા નગરપાલિકા ટેક્સ ઓનલાઈન ઘેરબેઠા ભરી શકશે. તદુપરાંત પી.ઓ.એસ મશીનો અને અન્ય મની વોલેટ એપ્લિકેશનથી પણ મિલકત વેરો ભરી શકાશે અને મોડાસા નગરપાલિકાની વેબસાઈટ અને એન્ડ્રોઈડ એપ્લિકેશન દ્વારા મોડાસા શહેરની આંગળીના ટેરવે પગભર કરવા માટે મહત્વનું મોડાસા નગરપાલિકાના મેયર ડિજિટલાઈઝેશન અને સીટી લાઈવલી સેન્ટર હુડનું ઉદ્‌ઘાટન જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ મેયર વનીતાબેન પટેલ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોડાસાના કોર્પોરેટરો, નગરપાલિકાના કર્મચારીઓ એમ.ઓ.યુ કરનાર એક્સિસ બેન્કના અધિકારીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ઓનલાઈન પાલિકાવેરો ભરનાર ગ્રાહકો પાસેથી બેંક ચાર્જ વસૂલશે કે નહિ ? તંત્ર અજાણ..!

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ડિજિટલાઈઝેશન કરી તો દીધું પરંતુ ઓનલાઈન મિલકતવેરો અને પી.ઓ.એસ મશીનો દ્વારા જે નગરજનો એમ.ઓ.યુ કરેલ એક્સિસ બેન્ક દ્વારા ચુકવણું કરશે તેમના પર બેન્ક દ્વારા સર્વિસ ચાર્જ લેવામાં આવશે કે નહિ? અને બેંક દ્વારા ચાર્જ લાગુ પડશે તો તે ચાર્જ નગરજનોને ચૂકવવો પડશે કે નગરપાલિકાની તિજોરી પર ભારણ પડશે તે અંગે નગરપાલિકાતંત્ર અને મેયર અજાણ હોવાનું જણાવ્યું હતું અને આ અંગે બેન્ક અધિકારી સાથે ચર્ચા કરી જણાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# આરોપીની જામીન અરજીને ગ્રામ્ય કોર્ટે અંતે ફગાવી દીધી

## ગુનાની ગંભીરતા ધ્યાને લઇ આરોપીને જામીન ન અપાયા

અમદાવાદ,તા. ૨૩
એલએલબીના બોગસ ડિગ્રી સર્ટિફિકેટના આધારે બાર કાઉન્સીલમાંથી સનદ મેળવવાનો પ્રયાસ કરવાના પ્રકરણમાં આરોપી રમેશ આલની આગોતરા જામીન અરજી આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટના એડિશનલ સેશન્સ જજ એ.આઈ.વૈષ્ણવે ફગાવી દીધી હતી. આરોપીની અરજી પરનો ચુકાદો જાહેર કરતાં કોર્ટે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તેને આગોતરા જામીન આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. બોગસ પ્રમાણપત્રોના આધારે વકીલાતની સનદ મેળવવાના પ્રકરણમાં આરોપી રમેશ આલની આગોતરા જામીનઅરજીનો વિરોધ કરતાં બાર કાઉન્સીલ તરફથી એડવોકેટ પ્રકાશ પટેલ અને મુખ્ય સરકારી વકીલ પ્રવીણ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગરના આરોપી રમેશ આલે રાજસ્થાનની શ્રીધર યુનિવર્સિટીમાંથી એલએલબીની ત્રણેય વર્ષની માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ મેળવ્યા હતા. આ પ્રમાણપત્રોના આધારે તેણે ગુજરાત બાર કાઉન્સીલમાંથી સનદ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, બાર કાઉન્સીલે રાજસ્થાનની શ્રીધર યુનિવર્સિટીમાં આ દસ્તાવેજોની તપાસ કરાવી હતી, જેમાં આરોપીના દસ્તાવેજો બોગસ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

આ સમગ્ર પ્રકરણમાં બાર કાઉન્સીલે સાત જણાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસની હજુ નાજુક તબક્કામાં છે અને બોગસ ડિગ્રી સર્ટિફિકેટ અને દસ્તાવેજો બનાવી આપનાર મુખ્ય આરોપીઓને હજુ પકડવાના બાકી હોઈ તેવા સમયે આરોપી રમેશ આલને આગોતરા જામીન આપી શકાય નહી. અન્યથા કેસની તપાસને ગંભીર અસર થશે. આ દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી રમેશ આલના આગોતરા જામીન ફગાવી દીધા હતા.

# પ્લાનને બદલવાથી પોલિસીની કન્ટીન્યુટી બદલાઈ જતી નથી

## શહેર ગ્રાહક તકરાર નિવારણ ફોરમનો ચુકાદો : સીનીયર સીટીઝન મહિલાને ઘૂંટણની સર્જરી માટેનો ખર્ચ ચૂકવી આપવા વીમા કંપનીને ફોરમ દ્વારા ફરમાન કરાયુ

અમદાવાદ,તા. ૨૩
શહેરના ઈસનપુર વિસ્તારની સીનીયર સીટીઝન મહિલાને ની રિપ્લેસમેન્ટની સર્જરીના દાવાની રકમ ચૂકવવાનો ઈનકાર કરનારી ધી ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિ. વિરૂધ્ધ શહેર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં થયેલી અરજી પર મહત્વનો ચુકાદો આપતાં ફોરમે ફરિયાદીને તા.૨૯-૫-૧૮થી રકમ ચૂકવે ત્યાં સુધી વાર્ષિક ૯ ટકા વ્યાજના સાથે દાવાના રૂ.૧.૫૦ લાખ પૂરા ચૂકવી આપવા હુકમ કર્યો છે. વધુમાં, ફોરમે માનસિક ત્રાસ અને આઘાતના તેમ જ ખર્ચાના કુલ રૂ.૭ હજાર પણ ચૂકવી આપવા કસૂરવાર વીમા કંપનીને હુકમ કર્યો હતો. ફોરમે તેના ચુકાદામાં મહત્વપૂર્ણ નોંધ કરતાં ઠરાવ્યું હતું કે, ફરિયાદીનું તારીખ વીતી ગયા પછી પ્રપોઝલ ફોર્મ ભરાયુ હોય તેવું નથી. પોલિસીમાં કોઈ બ્રેક પડેલ નથી. ફકત પ્લાન બદલાય તેટલા માત્રથી પોલિસીની કન્ટીન્યુટી બદલાતી નથી. પોલિસીનો પ્લાન બદલાયેલ હોવાછતાં પણ પોલિસી ચાલુ રહેલી ગણી શકાય. આ સંજોગોમાં ફરિયાદી કલેઈમની રકમ મેળવવા હકદાર છે. ઈસનપુર વિસ્તારની સીનીયર સીટીઝન મહિલા દ્વારા જમણા પગના ની રિપ્લેસમેન્ટ સર્જરીના દાવાની રકમ માટે કરાયેલ અરજીમાં વીમા કંપની તરફથી એવો બચાવ રજૂ કરાયો હતો કે, ફરિયાદીએ જમણા પગની ની રિપ્લેસમેન્ટ સર્જરી કરાવી છે અને પોલિસી બીજા વર્ષમાં હોઈ આ સર્જરી ડીજનરેટીવ કન્ડીશનના કારણે ચાર વર્ષ સુધી ચૂકવવાપાત્ર નથી. પોલિસીની કરારની શરતો મુજબ, ની રિપ્લેસમેન્ટના મેડિકલ ખર્ચાઓના રિએમ્બર્સમેન્ટ માટે પોલિસીના ચાર વર્ષ સુધી વેઈટીંગ પિરિયડ છે અને સતત નિયમિત ચાર વર્ષ પોલિસી રિન્યુ કરાવ્યા બાદ પાંચમા વર્ષ અથવા ત્યારબાદ દાવાની રકમ ચૂકવવાપાત્ર બને છે. વીમાકંપનીની દલીલોનું ખંડન કરતાં ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે રજૂઆ કરી હતી કે, સામાન્ય પોલિસીધારકનો વીમાકંપનીના અધિકારી પ્રપોઝલ ફોર્મ ભરાવી ફ્રેશ પોલિસીનું અર્થઘટન સવર્થા અનુચિત, અયોગ્ય અને ગેરકાયદેસર છે. વીમાકંપનીની સેવામાં ખામી, બેજવાબદારી અને અનફેર ટ્રેડ પ્રેકટિસ નિશ્ચિત જણાય છે. ફરિયાદી ઈન્શોર્ડ દર્દી તેના દાવાની રકમ મેળવવા હકદાર ઠરે છે. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખ દ્વારા કરાયેલી દલીલો ગ્રાહ્ય રાખી ફોરમે ઉપરમુજબ મહત્વનો ચુકાદો જારી કર્યો હતો. ફોરમે ચુકાદામાં અવલોકન કર્યું હતું કે, વીમાકંપનીએ પોલિસી દરમ્યાન પ્રપોઝલ ફોર્મ ભરેલ અને તારીખો ચકાસતા ચાર દિવસનો બ્રેકટ પાડી પછી ઈશ્યુ કરી છે. જે અંગે વીમાકંપની તરફથી કોઈ ખુલાસો થયો નથી. વળી, ફરિયાદીનું પ્લાન બદલવા માટે પ્રપોઝલ ફોર્મ ભરાયું છે. પોલિસીમાં કોઈ બ્રેક પડયો નથી. પોલીસી ચાલુ હોઈ વીમાકંપની કોઈપણ એકસકલુઝન કલોઝનો લાભ મેળવી શકે નહી. કારણ કે, પોલિસી ઘણા વર્ષોથી ચાલુ છે.